**Gujarat Samachar Pg 7, 29th June 2022**

ગુજરાત સમાચાર

# આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૫૪૨ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા. ૨૮: ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ગયા સપ્તાહે થયેલો લગભગ તમામ વધારો મંગળવારે ધોવાઈ ગયો હતો. રોકાણકારો ડિજિટલ એસેટ્સ માર્કેટમાં સાવચેતીપૂર્વક કામકાજ કરી રહ્યા છે. જોકે, બિટકોઈનમાં મંગળવારે થોડો સુધારો જોવા મળ્યો હતો. ઈન્ટ્રાડે ધોરણે તેમાં ૨૦,૫૦૦ ડોલરની સપાટી જોવા મળ્યા બાદ ભાવ ૨૧,૦૬૦ ડોલર સુધી પહોંચ્યો હતો. અમેરિકામાં કુલ રાષ્ટ્રીય પેદાશના નવીનતમ આંકડાઓ બુધવારે જાહેર થવા પૂર્વે માર્કેટમાં સાવચેતીભર્યું વલણ છે. ગુરુવારે વ્યક્તિગત ખર્ચના મે ૨૦૨૨ના આંકડાઓ બહાર પડાવાના છે.

દરમિયાન, ગેલેક્સી ડિજિટલના સીઈઓ માઈક નોવોગ્રેટ્ઝે ક્રીપ્ટો માર્કેટમાં મંદી ૧૮ મહિના સુધી ચાલવાની હોવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. તેને પગલે બિટકોઈન માઈનર્સે વેચવાલી શરૂ કરી છે. બીજી બાજુ, અનેક ક્રીપ્ટોકરન્સી હેજ ફંડ યુએસડીટી કોઈનનું વેચાણ કરી રહ્યાં હોવાથી માર્કેટમાં વાતાવરણ ડહોળાયું છે. અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૮૭ ટકા (૫૪૨ પોઈન્ટ) ઘટીને ૨૮,૪૪૮ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૮,૯૯૧ ખૂલીને ૨૯,૦૫૯ સુધીની ઉપલી અને ૨૭,૫૦૯ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.